સીધી ભરતીથી નિયુક્ત થયેલ કાર્યપાલક ઇજનેર (સીવીલ) વર્ગ-૧ અને નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ) વર્ગ-૨ ને અજમાયશી સમયગાળા દરમ્યાન તાલીમ આપવા બાબત.

**ગુજરાત સરકાર**

નર્મદા,જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

પરિપત્ર ક્રમાંક : જીએબી/૧૦૨૦૧૬/૦૨/ઇ-૨

સચિવાલય ગાંધીનગર.

તા:૨૫-૦૨-૨૦૧૯

વંચાણે લીધા: (૧) નર્મદા જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગના હુકમ ક્રમાંક:જીએબી/૧૦૮૦/૪૬/ઇ૨, તા.૧૪-૦૭-૧૯૮૦

<u>પરિપત્ર</u>

આ વિભાગ હેઠળ ગુજરાત ઇજનેરી સેવાના વર્ગ-૧ સંવર્ગના કાર્યપાલક ઇજનેર(સીવીલ) તથા વર્ગ-૨ સંવર્ગના નાયબ કાર્યપાલક ઇજનેર(સી)ની સીધી ભરતીથી નિમણૂક આપ્યા બાદ તેઓને ૨ (બે) વર્ષ અજમાયશી ધોરણે ફરજો બજાવવાની રહે છે. તેઓનો અજમાયશી સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ તેઓના નિયમિત નિમણૂકના હુકમો કરવાના રહે છે. વર્ગ-૧ સંવર્ગના કાર્યપાલક ઇજનેર(સીવીલ)ને વર્તુળ કચેરી હેઠળ વિભાગના વડા તથા વર્ગ-૨ સંવર્ગના નાયબ કાર્યપાલક ઇજનેર(સી)ને પેટાવિભાગના વડા તરીકે ફરજો બજાવવાની હોય છે. આથી સીધી ભરતીથી નિમણૂક પામતા આ અધિકારીઓને તેમની ફરજો નિષ્ઠાપૂર્વક/યોગ્ય રીતે બજાવી શકે તથા આ સંવર્ગોની કામગીરીથી સુમાહિતગાર થાય તે આશયથી તેઓને ઇજનેરી/સેવાકીય તાલીમ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી, પુખ્ત વિચારણાને અંતે સીધી ભરતીથી નવી નિમણૂક પામતા વર્ગ-૧ સંવર્ગના કાર્યપાલક ઇજનેર(સીવીલ) તથા વર્ગ-૨ સંવર્ગના નાયબ કાર્યપાલક ઇજનેર(સી)ને નીચે મુજબ તાલીમ આપવાનું નક્કી કરવામાં આવે છે.

**<u>TRAINING PROGRAMME</u>**

| SR NO. | SUBJECT | CIRCLE | DURATION |
|---|---|---|---|
| 1. | Introduction and Overview of Department | STC | 1 Week |
| 2. | Investigation for Project and Preparation of Detailed Project Report | UCC, RIPC, SSC-2, GERI, KALPASAR | 1.5 Month |

| | | | |
|---|---|---|---|
| 3. | Design of Hydraulic Structures | CDO | 2 Month |
| 4. | Dam Safety and Flood Control | UCC,KCC,PPC,HIPC, SSC-2, RIPC | 1 Month |
| 5. | Execution of Works | UCC,PPC,MIC, SSC-1, RIPC, SSNNL | 3 Month |
| 6. | Estimation, Billing, Finalization of Contracts, Arbitration Act | WALMI | 1 Month |
| 7. | Secretarial Business | WALMI | 15 Days |
| 8. | Irrigation Management, Water Accounting and Water Auditing | PPC,MIC,SSC-2,UCC, SIC | 1 Month |
| 9. | Minor Irrigation Works | Panchayat | 1 Month |
| 10 | Water Data Collection and Management | SWDC | 15 Days |
| 11 | Groundwater Monitoring and Management | GWRDC | 15 Days |
| 12 | R.T.I Act | SPIPA | 3 Days |
| 13 | Service Rules, Judicial Proceedings, Land Acquisition | SPIPA | 15 Days |
| 14 | Financial Rules | SPIPA | 7 Days |

૨. નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) અને કાર્યપાલક ઇજનેર(સીવીલ) ને ઉપર મુજબના તાલીમ કાર્યક્રમમાં દર્શાવેલ વિષયો પૈકી શક્ય હોય તેટલા બધાં જ વિષયોની તાલીમ આપવાની અધિક્ષક ઇજનેરશ્રી/કાર્યપાલક ઇજનેર(સી) એ તકેદારી રાખવી અને તેવી તાલીમ આપવામાં આવી છે તે માટેની ખરાઇ કરતો અહેવાલ સરકારને સુપ્રત કરવો.

૩. તાલીમ બાદ સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવતી પરીક્ષા, નિયત કરેલા સમયમાં અને નિયત તકોમાં દરેક ઉમેદવારે પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એલ.જી.મહીડા)
નાયબ સચિવ(સેવા)
નર્મદા,જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી, (જ.સં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પૂ.અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(કલ્પસર)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પૂ.અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.